Seat No. : ..................

[5]

No. of printed page : 02

# SARDAR PATEL UNIVERSITY

**B.A. ( Semister – 6) Examination**

Tuesday, 19-4, 2022 ( 10:00 to 12:00 pm )

**UA06CGUJ34 : અપઠિત (Unseen)**

કુલ ગુણ : 70

---

પ્રશ્ન ૧. (અ) નીચેનામાંથી કોઈપણ એક પરિચ્છેદનું વિવરણ કરો. (20)

" સાહિત્ય એ જીવનની સંસ્કૃતિનું પ્રતિબિંબ છે, એટલે જીવન સાથે સીધો સંબંધ ધરાવતાં બધાં શાસ્ત્રો પણ સાહિત્યમાં આવી જાય છે. આમ અધ્યાત્મવિદ્યા, ધર્મશાસ્ત્ર, માનવશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, નૃવંશશાસ્ત્ર, આરોગ્ય, કામવિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન, સૃષ્ટિવર્ણન, પ્રવાસ - બધું જ સાહિત્યમાં આવી જાય છે. આ વિષય પરત્વે જેટલા નિબંધો, પ્રકરણો, વિવેચનો અને પાઠ્યપુસ્તકો લખાયા છે તે બધાં જ સાહિત્યમાં આવી જાય છે અને છતાં આમાંથી તે તે વિષયને વરેલા તાત્ત્વિક કે શાસ્ત્રીય ગ્રંથોને આપણે સાહિત્યમાં ગણતા નથી. સાહિત્યની ચર્ચા કરતી વખતે એ બધા તાત્ત્વિક ગ્રંથોનો વિચાર સરખો આપણા મનમાં આવતો નથી. ત્યારે કેવળ સાહિત્ય, શુદ્ધ સાહિત્ય અથવા નર્યું સાહિત્ય કોને કહેવાય ? હું માનું છું કે કેવળ સાહિત્ય આ બધાં વિષયો અંગે જ બોલે છે ખરું,પણ એ શાસ્ત્રનો ભાર વહન કરીને બોલતું નથી. કેવળ સાહિત્યનો સંબંધ જીવન સાથે સીધો હોય છે. જીવન અંગેના વિચારો અનુભવો વહેમો અને બધાની ઉત્પત્તિ જેવી મનમાં સ્ફુરે તેવી રજૂ કરવી એ શુદ્ધ સાહિત્યનું કામ છે."

અથવા

" માનવીના દુ:ખનું સૌથી મોટું કારણ એની મનોદશા છે. એના મનને જે છે એનો આનંદ નથી; પણ જે નથી તેનો અસંતોષ છે. માનવીનું મન કાં તો ભૂતકાળના કારાગૃહમાં કેદ હોય છે અથવા તો ભવિષ્યના દિવાસ્વપ્નોની ભુલભુલામણીમાં ભટકતું હોય છે. મનની આવી દશા માનવીને વર્તમાનના આનંદથી વંચિત રાખે છે. માનવીની મનોદશા આશાને સહારે જીવતી રહેવા ટેવાયેલી હોય છે. જે કામનાથી ગઈકાલે સુખ ના મળ્યું તે આજે મળશે તેમ માનવીનું મૂરખ મન માની લે છે. જે હજી સુધી નથી થયું તે હવે થશે, જે કોઈને જ મળ્યું છે તે સુખ મને પણ મળશે એવી અટપટી આશાભરી મનોદશાથી માનવી અતૃપ્ત અને અસંતુષ્ટ જીવન જીવી રહ્યો છે. યાદ રાખો કે આનંદ માણવા માટેની સાચી ક્ષણ તો વર્તમાન ક્ષણ જ છે. જેઓ ગઈકાલની ભૂલો વિષે અને આવતીકાલની ગૂંચવણો વિશે સતત વિચાર્યા કરે છે તેઓ પોતાની સન્મુખ રહેલા આજના આનંદને માણી શકતા નથી."

પ્રશ્ન-૧ (બ) નીચેનામાંથી કોઈપણ એક કાવ્યનો આસ્વાદ કરાવો. (20)

- ગળતું જામ છે - 'મરીઝ'

મેં તજી તારી તમન્ના તેનો આ અંજામ છે,
કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે.
છે સ્ખલન બે ત્રણ પ્રસંગોમાં મને પણ છે કબૂલ
કોણ જાણે કેમ આખી જિંદગી બદનામ છે ?
એક વીતેલો પ્રસંગ પાછો ઉજવવો છે ખુદા !
એક પળ માટે વીતેલી જિંદગીનું કામ છે.

(પાછળ જૂઓ)

મારી આ મજબૂર મસ્તીનો નશો ઊતરી ગયો,
આપ પણ એવું કહો છો કે, મને આરામ છે !
કોણ જાણે કેમ સાંભળતા જ દિલ દુ:ખતું હશે !
આમ હું માનું છું તારું નામ મારું નામ છે.
આપની સામે ભલે સોદો મફતમાં થઈ ગયો,
આમ જો પૂછો બહુ મોંઘા અમારા દામ છે.
જિંદગીના રસને પીવામાં કરો જલદી 'મરીઝ'
એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે

- વેરાન - જયંત પાઠક

બાર વરસને અંતે જોયું ગામ
એનું નવું પડ્યું છે નામ-
આંગણમાં ઊભેલો વડલો
ઊગમણી પા ટેકરીઓની સોડે
પાસે પગલે દોડે.
દોડે સાથે કલરમાળા,
સૂરજિયા અંધારા સાથે પડછાયા પગપાળા.
ધૂંગામાં સુતા'તા સૌ શિયાળ ક્યાં છે !
ક્યાં છે પેલા સાપલિસોટા ચટાપટાળા !
રાનબિલાડાના ટોળામાં ફરતા તેજ કુંડાળા ક્યાં છે
રેતકાંકરા પાછળ મૂકી રહી ગયા રે વહેળા,
છંછેડેલા મધપૂડાની
લાખ લાખ માખોના ક્યાં રે
એ કોલાહલ મેળા !
કઠિયારાની કુહાડીના ટચકા કાને પડે
કડડડ કરતાં વૃક્ષ સામટા પડે
ખર ખર મારાં ખરી રહ્યાં છે પાન
ખર ખર ખરી રહ્યાં છે ગાન
હર્યું ભર્યું (હું) રાન
હવે વેરાન !

પ્રશ્ન-૨ (અ) નીચેનામાંથી કોઈ પણ ત્રણ છંદના બંધારણ સદૃષ્ટાંત સમજાવો. (15)

૧. સ્રગ્ધરા ૨. ઉપેન્દ્રવજ્રા ૩. વસંતતિલકા ૪. ચોપાઈ ૫. રોળા ૬. સવૈયા

(બ) નીચેનામાંથી કોઈપણ ત્રણ અલંકાર ઉદાહરણ સાથે સમજાવો. (15)

૧. વ્યતિરેક ૨. અતિશયોક્તિ ૩.વ્યાજસ્તુતિ ૪. શ્લેષ ૫. સજીવારોપણ ૬. સ્વભાવોક્તિ